# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩





### આણંદ જિલ્લામાં સૌથી વધુ બોરસદની નગરપાલિકા - પંચાયત માટે ઉમેદવારો ઉમટી પડ્યાં : ભાજપ દ્વારા નામો જાહેર થતાં જ રાજકીય ગરમાવો આવશે

# આણંદ જિલ્લાની 468 બેઠકો સામે 53 ફોર્મ ભરાયાં

**ઉમેદવારી** પત્રો ભરવા કોંગ્રેસ અને આપ પાર્ટીએ ખાતું ખોલ્યું

(પ્રતિનિધિ) પેટલાદ તા.9

આણંદ જિલ્લામાં મહા નગર પાલિકા અને જિલ્લા પંચાયત સહિત કુલ 16 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સામાન્ય ચૂંટણીઓની પ્રક્રિયા છઠ્ઠી એપ્રિલથી શરૂ થઈ ચુકી છે. ઉમેદવારી પત્રો ભરવાના ગુરૂવારે ત્રીજા દિવસ સુધીમાં કુલ 468 પૈકી 53 બેઠકો માટે ફોર્મ રજુ કરવામાં આવ્યા હતા. તાલુકા - જીલ્લા પંચાયતની બેઠકો ઉપર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ પણ નામાંકન રજુ કરતા રાજકીય ગતિવિધી તેજ બની ગઈ છે. આ લખાય છે ત્યાં સુધી ભાજપ દ્વારા હજી સુધી એકપણ ઉમેદવાર જાહેર થયા નથી. ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ 11મી એપ્રિલ છે.




આણંદ જીલ્લાની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચુંટણી માટે રાજકીય પક્ષો તથા અપક્ષ ઉમેદવારોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. છેલ્લા એક દશક દરમ્યાન કોંગ્રેસના આ ગઢને ધરાશાયી કરી ભાજપે મોટા ભાગની સ્થાનિક સંસ્થાઓ આંચકી લીધી છે. તેમાંય આ વખતે નવરચિત કરમસદ - આણંદ મહા નગર પાલિકા તથા તારાપુર નગરપાલિકા હદ વિસ્તારના મતદારો અને ઉમેદવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં ચુંટણીનો મહાસંગ્રામ શરૂ થઈ જતાં રાજકીય પક્ષોનો મેન્ડેટ મેળવવા દાવેદારો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. જીલ્લામાં સૌથી વધુ પ્રભુત્વ ધરાવતી ભાજપ પાર્ટીમાં દરેક વોર્ડ અને બેઠકો ઉપર દાવેદારોની સંખ્યા વધુ હોવાથી કોકડું ગુંચવાયું હોવાનું જાણવા મળે છે. જોકે આજે મોડીરાત્રે અથવા આવતીકાલે બપોર સુધીમાં તમામ 468 બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર થવાની શક્યતા છે.

બીજી તરફ કોંગ્રેસને શહેરી વિસ્તારોમાં ઉમેદવારો શોધવાના ફાંફાં પડી રહ્યા છે. પાલિકા - પંચાયતમાં કોંગ્રેસની મુખ્ય વોટ બેંક મુસ્લિમ ઉમેદવારો પણ મેન્ડેટ સ્વીકારવાને બદલે અપક્ષ તરીકે ફોર્મ ભરવાનું પસંદ કરી રહ્યા છે. પરંતુ જીલ્લામાં મહી નદીનો કાંઠા વિસ્તાર કોંગ્રેસનો ગઢ ગણાય છે. જ્યાંથી બોરસદ - આંકલાવ તાલુકા પંચાયતના ઉમેદવારોએ ફોર્મ ભરી કોંગ્રેસ માટે ચુંટણીમાં ઝંપલાવ્યું છે. આ સાથે આજે બોરસદ અને ઉમરેઠ તાલુકા પંચાયતની બેઠકો ઉપર ઉમેદવારી પત્ર ભરી આમ આદમી પાર્ટી પણ ચુંટણી મેદાનમાં આવી ગઈ છે. આમ આજરોજ જીલ્લાની મહા નગર પાલિકા, જીલ્લા પંચાયત, નગર પાલિકા અને તાલુકા પંચાયતની કુલ 468 પૈકી લગભગ 53 બેઠકો ઉપર અપક્ષ, કોંગ્રેસ અને આપના ઉમેદવારોએ ફોર્મ ચુંટણી અધિકારી સમક્ષ રજુ કર્યા હતા.

### કરમસદ - આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નં. 3 અને 13 માંથી એક એક

- બોરસદ નગર પાલિકાના વોર્ડ નં.2 - 3, વોર્ડ નં. 5 - 1, વોર્ડ નં.8 - 5, વોર્ડ નં.9 - 2 મળી કુલ 11 ફોર્મ
- પેટલાદ નગર પાલિકાના વોર્ડ નં.4 - 1, વોર્ડ નં.7 - 1 અને વોર્ડ નં.8 - 2 ઉમેદવારોએ ફોર્મ
- ખંભાત, સોજીત્રા, તારાપુર અને ઉમરેઠ પાલિકામાં હજી સુધી ઉમેદવારી પત્રોનું ખાતું ખુલ્યું નથી.
- આણંદ જીલ્લા પંચાયતની ભાદરણ, દહેવાણ, કંકાપુરા અને વાસદ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારોએ નામાંકન રજુ કર્યા છે.
- તાલુકા પંચાયતો પૈકી સૌથી વધુ બોરસદ તાલુકા પંચાયતની 34 પૈકી મોટા ભાગની બેઠકો ઉપર કોંગ્રેસ દ્વારા ફોર્મ ભરાયાં છે. આજે આ પંચાયતમાં કોંગ્રેસના 22 તથા આમ આદમી પાર્ટીના 2 ઉમેદવારોએ ફોર્મ ભરેલ છે.
- આંકલાવ તાલુકા પંચાયતની બે બેઠકો ઉપર કોંગ્રેસે ઉમેદવારી કરી છે. જીલ્લામાં આણંદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા તાલુકા પંચાયતોમાં હજી સુધી એકપણ ફોર્મ ભરાયાં નથી.
- તારાપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના 2 તથા ઉમરેઠ તાલુકા પંચાયતની એક બેઠક ઉપર ઉમેદવારી નોંધાવી છે.
- ઉમરેઠ પંચાયતની એક બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવારે પણ ફોર્મ ભર્યું છે. આમ જીલ્લાની 16 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની 468 બેઠકો પૈકી હજી માત્ર 53 ઉમેદવારોએ જ ચુંટણીમાં ઝંપલાવ્યું છે.

---

### ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે એકપણ ઉમેદવારે પીછેહઠ ન કરી

# ઉમરેઠ વિધાનસભા ચૂંટણીમાં છ ઉમેદવાર વચ્ચે જંગ જામશે

**ભાજપ, કોંગ્રેસ** અને અપક્ષો વચ્ચે ખરાખરીનો રાજકીય સંગ્રામ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેનું રાજકીય ચિત્ર હવે સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ સમય મર્યાદા પૂર્ણ થતા હવે મેદાનમાં કુલ 6 ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામશે. ખાસ વાત એ છે કે, ફોર્મ પાછા ખેંચવાના છેલ્લા દિવસે એટલે કે 9મી એપ્રિલના રોજ એક પણ ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચી નથી, જેના પરિણામે ચૂંટણી અધિકારી દ્વારા હરીફ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરવામાં આવી છે.

### ચૂંટણી મેદાનમાં કયા '6' મુરતિયા?

- ભૃગુરાજસિંહ ચૌહાણ (ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ)
- હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર (ભારતીય જનતા પાર્ટી)
- મૌલિક વિનુભાઈ શાહ (ભારતીય નેશનલ જનતા દળ)
- જીતેશકુમાર ઘનશ્યામભાઈ સેવક (જીતુભાઈ સેવક) (અપક્ષ)
- નિરૂપાબેન નટવરલાલ માધુ (અપક્ષ)
- મહેન્દ્રભાઈ નટવરભાઈ પરમાર (અપક્ષ)

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમરેઠ બેઠક પર આગામી 23મી એપ્રિલના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ માટે ગત 30મી માર્ચના રોજ નોટિસ પ્રસિદ્ધ થયા બાદ ઉમેદવારીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે રાજકીય પક્ષો કે અપક્ષો પૈકી કોઈએ પણ નમતું ન જોખતા હવે ચૂંટણી જંગ રસપ્રદ બન્યો છે. મુખ્ય મુકાબલો શાસક પક્ષ ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસ વચ્ચે હોવા છતાં, અન્ય પક્ષ અને અપક્ષ ઉમેદવારોની હાજરીને કારણે મતોના ધ્રુવીકરણની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ચૂંટણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારીએ હરીફ ઉમેદવારોની યાદી નિયત કરી ચૂંટણી પ્રક્રિયાના આગામી તબક્કાની તૈયારીઓ આરંભી દીધી છે.

# વીરપુરમાં એક જ વ્યક્તિના નામે ચાર એપીક કાર્ડ બન્યાં

**તંત્રના** સુધારણા કાર્યક્રમના દાવાઓ પોકળ સાબિત

(પ્રતિનિધિ) વીરપુર તા.9

વીરપુરની મતદારયાદી સુધારણાના સરકારી દાવાઓ અને તંત્રની કામગીરી વચ્ચે વીરપુરમાં એક મોટી બેદરકારી સામે આવી છે. વીરપુરના લીમરવાડા ગામની મતદાર યાદીમાં એક જ વ્યક્તિના ચાર અલગ-અલગ એપીક નંબર સાથે નામ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે.

વીરપુરમાં તાજેતરમાં જ સંપન્ન થયેલી મતદારયાદી સુધારણા કાર્યક્રમ બાદ પણ તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી છે. લીમરવાડા ગામના કુલદીપસિંહ પુષ્પકસિંહ રાઠોડ નામની વ્યક્તિના મતદાર યાદીમાં એક-બે નહીં પરંતુ ચાર વખત નામ નોંધાયેલા જોવા મળ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે, આ ચારેય એન્ટ્રીમાં અલગ-અલગ એપીક (EPIC) નંબર ફાળવવામાં આવ્યા છે.

આ સાથે તંત્ર દ્વારા કરવામાં આવેલા મતદારયાદી સુધારણાના દાવાઓ આ કિસ્સાથી પોકળ સાબિત થયા છે. આ પ્રકારની ગંભીર ભુલને પગલે સમગ્ર યાદીમાં અન્ય કેટલા છબરડાં હશે ? તે અંગે તપાસની માંગ ઉઠી છે. આ બેદરકારી બદલ બીએલઓથી લઈને લાયઝન અધિકારી સુધીના તમામ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

આ અંગે મામલતદાર એસ.ડી. પટેલે જણાવ્યું હતું કે, આ અંગે તપાસ કરવામાં આવી હતી. જેમાં અરજદારે કુલ 4 વખત અરજી કરી હતી. જોકે, સમગ્ર બાબત ધ્યાનમાં આવતાં યાદીમાંથી 3 નામ રદ કરાયાં છે.

### ખેડૂતને કોઈપણ નોટિસ આપ્યા વગર બાઈક સીઝ કર્યું

# ખંભાતમાં સીઝરે બાઈક પડાવી પરત કરવા 3 હજારની ખંડણી માંગી

**ખંભાત સીટી** પોલીસે કથિત રિકવરી એજન્ટ વિરુદ્ધ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.9

ખંભાત શહેરમાં લોન રિકવરીના બહાને રિકવરી એજન્ટો દ્વારા કરવામાં આવતી હેરાનગતિનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક ખેડૂતનું બાઈક રસ્તામાં બળજબરીથી રોકી, લોન બાકી હોવાનું જણાવી બાઈક પરત આપવાના બદલામાં રૂ. 3 હજારની ખંડણી માંગનાર શખ્સ વિરુદ્ધ ખંભાત સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ખંભાતના પીપળોઈ ગામના રહેવાસી અને વ્યવસાયે ખેડૂત શૈલેશભાઈ ચીમનભાઈ પટેલ ગત 8મી એપ્રિલના રોજ સવારે પોતાના મિત્ર સાથે હીરો સ્પ્લેન્ડર બાઈક પર ખંભાત કોર્ટના કામે જઈ રહ્યા હતા. આ બાઈક પર ખાનગી બેંકની લોન ચાલુ હતી. જ્યારે તેઓ એકતા બેકરી પાસે પહોંચ્યા ત્યારે જુની મંડાઈના સોહેલભાઈ હુસેનભાઈ મલેક નામના શખ્સે પોતાની મોટરસાયકલ આડી રાખી તેમને રોક્યા હતા.

બાદમાં સોહેલભાઈ મલેકે ખેડૂતને જણાવ્યું હતું કે, તમારી બાઈકના હપ્તાના રૂ. 9 હજાર બાકી છે. અને બળજબરીથી બાઈકની ચાવી માંગવા લાગ્યો હતો. ખેડૂતે ચાવી આપવાની ના પાડતા આરોપીએ તેમને બળજબરીથી બાઈક પરથી ઉતારી દીધા હતા અને ધમકી આપી હતી કે, "જો તારે નવ હજારના ભરવા હોય તો મને 3 હજાર રૂપિયા આપી દે, તો હું તને બાઈક પાછું આપી દઈશ.

આથી, શૈલેશભાઈએ આઈ-કાર્ડ અથવા ઓથોરિટી લેટરની માંગણી કરી, ત્યારે સોહેલે કોઈ પણ દસ્તાવેજ બતાવ્યા ન હતા અને નોટિસ આપ્યા વગર જ બાઈક લઈ ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે ખેડૂતે તાત્કાલિક 112 પર ફોન કરી મદદ માંગી હતી અને ત્યારબાદ ખંભાત સીટી પોલીસ મથકે સોહેલભાઈ મલેક વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સીઝરનો ત્રાસ વધ્યો છે. આ સીઝરો વારંવાર કાયદાનો ભંગ કરી રહ્યાં છે. આ અંગે કડક પગલાં ભરવા માગ ઉઠી છે.

---

# ખેડામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં 71 ફોર્મ ભરાયાં

**જિલ્લા પંચાયત**, તાલુકા પંચાયત અને પાલિકામાં ઉમેદવારોનો ધસારો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.9

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટેની ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા વેગ પકડી રહી છે. તારીખ 09/04/2026 ના રોજ જિલ્લાની વિવિધ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે મોટા પાયે ફોર્મ ભરાયા છે, જેમાં સૌથી વધુ ધસારો તાલુકા પંચાયતના મંડળોમાં જોવા મળ્યો છે. વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ આજે એક જ દિવસમાં કુલ 71 ફોર્મ ભરાયા છે, જેની સાથે અત્યાર સુધીનો કુલ આંકડો 77 પર પહોંચ્યો છે.

ખેડા જિલ્લા પંચાયતના તમામ મંડળો માટે આજે પ્રથમ વખત 6 ફોર્મ રજૂ થયા છે, જ્યારે ગઈકાલ સુધી અહીં એક પણ ફોર્મ ભરાયું નહોતું. સૌથી વધુ ફોર્મ તાલુકા પંચાયતના તમામ મંડળોમાં ભરાયા છે, જ્યાં આજે એક જ દિવસમાં 38 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આ સાથે તાલુકા પંચાયતમાં કુલ ફોર્મની સંખ્યા 42 પર પહોંચી ગઈ છે. નગરપાલિકા વિસ્તારમાં પણ આજે 8 નવા ફોર્મ ભરાતા ત્યાં કુલ સંખ્યા 8 થઈ છે. મહાનગરપાલિકાના તમામ વોર્ડ માટે આજે 19 ફોર્મ ભરાયા છે, જે ગઈકાલના 2 ફોર્મ સાથે મળીને કુલ 21 થયા છે. જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ફોર્મ સ્વીકારવાની કામગીરી ચુસ્ત સુરક્ષા અને વ્યવસ્થા વચ્ચે કરવામાં આવી રહી છે. ઉમેદવારોની સાથે ટેકેદારોની ભીડને જોતા વિવિધ કેન્દ્રો પર જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

# ઉમરેઠ વિધાનસભામાં ચૂંટણી કાર્ડને લગતી ફરિયાદોનો રાફડો ફાટ્યો

**હેલ્પલાઇન** 1950 પર 69 પૂછપરછ અને અન્ય માધ્યમો દ્વારા ફરિયાદો નોંધાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.9

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી 2026ના આયોજનના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા કલેક્ટર કચેરીમાં ફરિયાદ નિવારણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત જનરલ ઓબ્ઝર્વર માતાદિન મીણાએ આ કેન્દ્રની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું, જેમાં ચૂંટણી કાર્ડને લગતી ફરિયાદો અને પ્રશ્નો કેન્દ્રસ્થાને રહ્યાં હતાં.




આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીએ ઓબ્ઝર્વરને વાકેફ કર્યા હતા કે, પહેલી એપ્રિલથી અત્યાર સુધીમાં હેલ્પલાઈન નંબર 1920 પર કુલ 69 જેટલી ઈન્કવાયરી મળી છે. જેમાં મુખ્યત્વે ચૂંટણી કાર્ડ ન મળવું, એપિક કાર્ડ ડાઉનલોડ ન થવું, કાર્ડમાં સુધારા-વધારા અને નવા ચૂંટણી કાર્ડ મેળવવા બાબતની સમસ્યાઓ વિશે નાગરિકોએ રજૂઆતો કરી છે. આ ઉપરાંત ટોલ ફ્રી નંબર પર 02 અને C-Vigil એપ પર 02 ફરિયાદો પણ પ્રાપ્ત થઈ છે.

આણંદ કલેક્ટર કચેરીના ત્રીજા માળે કાર્યરત આ સેન્ટર ખાતે ત્રણ ટીમો દ્વારા 24 x 7 રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરવામાં આવી રહી છે. આગામી 23મી એપ્રિલ 2026ના રોજ યોજાનારા મતદાન પૂર્વે લોકોની ફરિયાદોનું ઝડપી નિવારણ આવે તે માટે તંત્ર કટિબદ્ધ છે. નિરીક્ષણ સમયે પોલીસ ઓબ્ઝર્વર વિનોદકુમાર હાજર રહ્યાં હતાં.

# આણંદ પાસે કેનાલમાંથી યુવાનની લાશ મળી

**વિદ્યાનગર** પોલીસે ઓળખવિધિ માટે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદના વલાસણ ગામની કેનાલમાંથી આજે બપોરના સુમારે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. અંદાજે 30થી 35 વર્ષની વયના આ યુવાનની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

વલાસણ કેનાલમાં ગુરૂવાર બપોરે એક મૃતદેહ તરતો હોવાની જાણ સ્થાનિક લોકોએ પોલીસને કરી હતી. આ ઘટનાની ગંભીરતાને જોતા વિદ્યાનગર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સ્થાનિકોની મદદથી મૃતદેહને બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન ક્યાંનો વતની છે તે જાણી શકાયું નથી. વિદ્યાનગર પોલીસે હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. આ અંગે પોલીસે આસપાસના વિસ્તારમાંથી ગુમ વ્યક્તિ અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. હાલ આ મામલે વિદ્યાનગર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.


**ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લી. નડીઆદ.**

**સરદાર પટેલ સહકાર ભવન, મીશનરોડ, નડીઆદ.૩૮૭ ૦૦૨.**

**ડેટા માઈગ્રેશન અંગે જાણવા જોગ**

**બેંકના મૂલ્યવાન ખાતેદારો/સભાસદો ને નમ્ર અપીલ**

તા. ૦૬/૦૪/૨૦૨૬ ના વર્તમાન પત્રમાં આપેલ જાહેરાત અનુસંધાને બેંકના સીબીએસ ના ડેટા નું અન્ય કંપની માં માઈગ્રેશન કરવામાં આવનાર છે. જે અંગે નીચેની અગત્યની બાબતો જાણકારી, અમલવારી માટે રજૂ કરીએ છીએ.

(૧) તા. ૧૦/૦૪/૨૦૨૬, શુક્રવાર બપોરે ૨:૦૦ વાગ્યા સુધી સામાન્ય બેન્કિંગ કામકાજ ચાલુ રહેશે. જે સમય પહેલા શાખામાં મુલાકાત કરી કામકાજ પૂર્ણ કરી લેવા વિનંતી છે.

(૨) નવા ખાતા, SMS રજીસ્ટ્રેશન, મોબાઈલ બેન્કિંગ રજીસ્ટ્રેશન, ડેબિટ કાર્ડ ઈસ્યુ, વગેરે સેવા તા. ૧૬/૦૪/૨૦૨૬ થી રાબેતા મુજબ ચાલુ રહેશે.

(૩) તા. ૧૧-૦૪-૨૦૨૬ થી

-બેંકમાંથી કે મોબાઈલ બેન્કિંગ થી RTGS/NEFT/IMPS સેવા બંધ રહેશે.

-CTS ક્લીયરિંગ સેવા બંધ રહેશે. જેથી ક્લીયરિંગમાં ચેક ભરવા નહીં કે ઈસ્યુ કરવા નહિ.

-બેંકના ડેબિટ કાર્ડથી ATM/ MICRO ATM વ્યવહાર બંધ રહેશે.

-UPI/QR કોડ પેમેન્ટ સર્વિસ બંધ રહેશે.

-WhatsApp બેન્કિંગ/મિસ કોલ એલર્ટ સર્વિસ બંધ રહેશે.

આ તમામ સેવાઓ તા. ૧૬/૦૪/૨૦૨૬ થી તબક્કાવાર શરૂ કરી દેવામાં આવશે. ત્યાં સુધી સહકાર આપવા વિનંતી છે.

(૪) દૂધ ઉત્પાદકોના હિતને ધ્યાનમાં લેતાં Micro ATM સર્વિસ અગ્રિમતાના ધોરણે શરૂ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તમામ દૂધ ઉત્પાદક સહ. મંડળીઓને દૂધ ઉત્પાદકો/પશુપાલકોના પેમેન્ટ અંગે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.

(૫) તા. ૧૩/૦૪/૨૦૨૬ ના રોજ તથા તા. ૧૫/૦૪/૨૦૨૬ થી શાખામાંથી રોકડ ઉપાડ, રોકડ જમા, બાંધી મુદત થાપણ, લોનની કામગીરી ,લોકર્સની કામગીરી, બેંકના જ ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર વગેરે સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

(૬) બેંકના ATM તા. ૧૧/૦૪/૨૦૨૬ થી તા. ૧૬/૦૪/૨૦૨૬ સુધી કાર્યરત રહેશે નહિ.

(૭) બેંકના સ્ટાફ ધ્વારા બેંકના મૂલ્યવાન ગ્રાહકોને પૂરતો સાથ સહકાર આપવા માટે તથા વિનમ્રતા દાખવવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. જેમને સાથ સહકાર આપશો.

આપના રોજીંદા જીવનમાં બેન્કિંગ સેવાઓના મહત્વને સમજી ડેટા માઈગ્રેશન દરમ્યાન થતી કોઈપણ અસુવિધા માટે બેંક દિલગીર છે પરંતુ ટેક્નોલોજીના યુગમાં બેંક ભવિષ્યમાં બેંકના ખાતેદારોને વધુ સરળ,સલામત અને સુરક્ષિત બેન્કિંગ સેવાઓ પ્રદાન કરી શકે તે માટે આપનો સહકાર અપેક્ષીત છે. આપના અવિરત સહકાર માટે બેંક સદાયે આપની આભારી રહેશે.

ભવિષ્યમાં બેંક તેના મૂલ્યવાન ખાતેદારો/સભાસદોને અવિરત અને વધુ સારી સેવાઓ પ્રદાન કરવા માટે હર હંમેશ કટિબદ્ધ છે અને રહેશે.

**બેંકની પ્રાથમિકતા, મજબૂત સાયબર સુરક્ષા**

તા. ૦૯-૦૪-૨૦૨૬
સ્થળ : નડિયાદ

**ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર**
**ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો.-ઓપરેટીવ બેંક, નડિયાદ.**


# વડતાલધામમાં રણછોડરાયજી મહારાજનો પાટોત્સવ ઉજવાયો

**આચાર્ય** રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે કેસર-પંચામૃત અભિષેક

(પ્રતિનિધિ) આણંદ તા.9

સ્વામિનારાયણ સંપ્રદાયના આસ્થાના કેન્દ્ર સમાં વડતાલધામમાં ગુરુવારના રોજ રણછોડરાયજી મહારાજનો 196મો વાર્ષિક પાટોત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. આ પવિત્ર અવસરે સંપ્રદાયના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે ઠાકોરજીનો દિવ્ય અભિષેક અને આશીર્વાદ સભાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.



વડતાલ મંદિરમાં આદિ આચાર્ય રઘુવીરજી મહારાજ દ્વારા સ્થાપિત રણછોડરાયજી મહારાજના પાટોત્સવ નિમિત્તે વહેલી સવારથી જ ભક્તોની ભીડ જામી હતી. સવારે 5-30 કલાકે મંગળા આરતી બાદ, આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, મોટા લાલજી સૌરભપ્રસાદજી તથા નાના લાલજી દ્વિજેન્દ્રપ્રસાદજી દ્વારા કેસર જળ, ચંદન અને પંચામૃતથી ઠાકોરજીનો શાસ્ત્રોક્ત વિધિ મુજબ અભિષેક કરવામાં આવ્યો હતો. આ મહોત્સવના યજમાન મેતપુરના અ.નિ. અંબાલાલ ગોકળદાસ પટેલ પરિવારના સભ્યોનું આચાર્યે ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

આ સાથે મંદિરના સભા મંડપમાં આયોજિત આશીર્વાદ સભામાં ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી, મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી સહિતના વરિષ્ઠ સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આચાર્ય મહારાજે આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, મેતપુરનો સત્સંગ સમાજ હંમેશા દેવનો ભાગ કાઢી સ્વામિનારાયણ ભગવાનમાં અડગ નિષ્ઠા રાખે છે અને દેશના ગમે તે ખૂણે હોય તો પણ સેવા માટે તત્પર રહે છે. વધુમાં, તેમણે આગામી ડિસેમ્બર-માર્ચમાં ધોલેરા (ભાલ પ્રદેશ) ખાતે યોજાનારા મદનમોહનજી મહારાજ દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારવા તમામ હરિભક્તોને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આસી. કોઠારી ગુણસાગર સ્વામી તથા શ્યામવલ્લભ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.